## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડ જિલ્લા બ્લેક સ્ટોન ક્વોરી એસો. દ્વારા કલેક્ટરનું અભિવાદન કરાયું

વલસાડ: વલસાડ જિલ્લા બ્લેક સ્ટોન ક્વોરી એસોસિએશનના પ્રતિનિધિમંડળે કલેક્ટર કચેરીએ જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ નીતિન સાંગવાનની સૌજન્ય મુલાકાત લીધી હતી. આ પ્રસંગે એસોસિએશનના જિલ્લા બ્લેક સ્ટોન ક્વોરી એસોસિએશનના પ્રમુખ મુકેશ ઠાકુર, ગુજરાત બ્લેક સ્ટોન ક્વોરી એસોસિએશનના કોર કમિટી મેમ્બર અશોક મંગે, સેક્રેટરી મહેન્દ્ર ભાનુશાલી સહિત હોદ્દેદારો અને સભ્યો દ્વારા કલેક્ટરનું પુષ્પગુચ્છ અર્પણ કરી ભાવભર્યું સ્વાગત અને અભિવાદન કરવામાં આવ્યું હતું. મુલાકાત દરમિયાન એસોસિએશનના હોદ્દેદારોએ કલેક્ટર સાથે વલસાડ જિલ્લામાં ક્વોરી અને માઇનિંગ ઉદ્યોગની વર્તમાન સ્થિતિ તેમજ જિલ્લાના આંતરમાળખાકીય વિકાસમાં આ ઉદ્યોગના યોગદાન અંગે હકારાત્મક ચર્ચા કરી હતી.



### જામન્યામાળ ગામે ઘરેલુ હિંસા અધિનિયમ-2005 અંતર્ગત કાયદાકીય સેમિનાર યોજાયો

સાપુતારા: મહિલા અને બાળ અધિકારીની કચેરી, આહવા-ડાંગ દ્વારા એસ્પિરેશનલ બ્લોક સુબીર તાલુકાના જામન્યામાળ ગામે ઘરેલુ હિંસા અધિનિયમ-2005 અંતર્ગત કાયદાકીય જાગૃતિ સેમિનાર મહિલા અને બાળ અધિકારી ડો. મનિષા મુલતાનીના દિશાદર્શન અને અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી કમલેશભાઈ ગિરાસે, તાલુકા કાનૂની સેવા સત્તા મંડળના વકીલ સંજયભાઈ બારિયા, વિશ્વ હિંદુ પરિષદના તાલુકા મંત્રી દિનેશભાઈ, સેવા સમિતિના રવિનાબેન સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ડો. મનિષા મુલતાનીએ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં ઘરેલુ હિંસા અધિનિયમ-2005 હેઠળ મહિલાઓને મળતા કાનૂની રક્ષણ અને અધિકારો અંગે વિસ્તૃત માહિતી આપી હતી.


ગીરીશ ભોયે

### વાપી અકસ્માત મોત કેસમાં ફરાર હરિયા પાર્કનો કારચાલક ઝડપાયો

વાપી: વાપી મ્યુન્સિપલ કોપોર્રેશનની સિટી બસમાં આઝાદ રોડવેઝમાં મેનેજર તરીકે કામ કરતાં શ્રવણરામ ખેતારામ સીલગાવા (ઉં.વ.40) અને તેનો મિત્ર ગજેન્દ્રપુરી લાલપુરી ગોસ્વામી (રહે., વાપી, બંને મૂળ રાસ્થાન) ભેગા મળી મોપેડ લઈને રાત્રિના સમયે વાપી જૂના ફાટક પાસે ઘરે જવા માટે નીકળ્યા હતા. દરમિયાન જકાતનાકા જતાં માર્ગ પર કારની ટક્કર લાગતા બંનેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત કરનાર કારચાલક વાહન લઈ ભાગી છૂટયો હતો. ઘટનામાં સારવાર દરમિયાન એકનું મોત નીપજયું હતું. આ કેસમાં એલસીબી ટીમે તપાસના અંતે અકસ્માત કરનાર કારચાલક રોયસ્ટોન આલ્બર્ટ ડી.સૌઝા (ઉં.વ.27, રહે., ડુંગરા રોડ, હરીયા પાર્ક, વાપી) ને ઝડપી પાડ્યો હતો અને વાહનનો કબજો લઈ વાપી ટ્રાફિક પોલીસ સ્ટેશને સોંપ્યો હતો.

### બીલીમોરા મહામાયા મેલડી સેવા ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક કિટનું વિતરણ

બીલીમોરા: શિક્ષણ ક્ષેત્રે પ્રોત્સાહન પૂરું પાડવાના ઉમદા હેતુ સાથે બીલીમોરા સ્થિત 'મહામાયા મેલડી સેવા ટ્રસ્ટ' દ્વારા શાહ કેસરીચંદ ભાણાભાઈ મુખ્ય કન્યાશાળામાં ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે નોટબુક વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. શાળાના તમામ વિદ્યાર્થીનીઓને કુલ ૧,૩૦૦ નોટબુક્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. ધોરણ ૧ થી ૮માં પ્રથમ ક્રમે આવનાર તેજસ્વી વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન ભેટ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ટ્રસ્ટના પ્રમુખ જીવણભાઈ સોલંકી, ઉપપ્રમુખ મિતેશ સોલંકી, મહામંત્રી રાહુલ મારું, મંત્રી સમીર લાડ તેમજ હેમંત સોલંકી, રવિ તેલંગી, મનીષ ભારત, ગૌતમ મારું, અશોક ગોહિલ, બીલીમોરા ભાજપ શહેર પ્રમુખ નીરવ ટેલર, યુવા મોરચાના મહામંત્રી શૈલેષ રાજપૂત અને યુવા મોરચાના પ્રમુખ અરુણ ઓડ ખાસ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીનીઓનું મનોબળ વધાર્યું હતું.


કેસરી બારીયા

### ધરમપુર શાકભાજી માર્કેટમાં વેપારી પર હુમલો કરી રોકડની લૂંટ


આસીફ શેખ

ધરમપુર: ધરમપુરના શાકભાજી માર્કેટમાં એક વેપારી પર હુમલો કરી રોકડ રકમ લૂંટી લેવાઈ હોવાનો આક્ષેપ કરતી અરજી પોલીસ સમક્ષ કરવામાં આવી છે. અરજી મુજબ અરજદાર બોડચદકુમારે જણાવ્યું છે કે તેમની દુકાન પર આવેલા એક શખ્સે કાંદાની ખરીદી બાબતે બોલાચાલી કર્યા બાદ મારામારી કરી હતી. આરોપી ચપ્પુ જેવા હથિયાર સાથે આવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આસપાસના લોકો એકત્ર થતાં વધુ અનિચ્છનીય ઘટના ટળી હતી. ત્યારબાદ આરોપી દુકાનમાંથી અંદાજે રૂ. 500થી રૂ. 2000 જેટલી રોકડ રકમ લઈને ફરાર થઈ ગયો હોવાનું પણ અરજીમાં જણાવાયું છે. અરજદારે આરોપી તરીકે મહમદખાન નામના વ્યક્તિનો ઉલ્લેખ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

### નાનાપોંઢા તાલુકાના વિશેષ પ્રતિષ્ઠિત નાગરિકોનું અભિવાદન કરાયું

વલસાડ: પ્રતિષ્ઠિત નાગરિક જનસંપર્ક કાર્યક્રમ હેઠળ ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી સહિત ટીમ નાનાપોંઢા ભાજપ દ્વારા કપરાડા વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય માધુભાઈ રાઉત ઉપરાંત નાનાપોંઢા ખાતે છેલ્લા 50 થી વધુ વર્ષથી પ્રથમ સરકારી હોસ્પિટલમાં અને ત્યારબાદ પોતાની હોસ્પિટલ ચલાવતા વરિષ્ટ તબીબ ડો.ગમનભાઇ પટેલ અને ડો.ધનજીભાઈ પટેલની ઘરે જઈ સૌજન્ય મુલાકાત લેવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ છેલ્લા 12 વર્ષ દરમિયાન દેશે હાંસલ કરેલી ઐતિહાસિક વિકાસયાત્રા, સુશાસન, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિજિટલ ઈન્ડિયા, આત્મનિર્ભર ભારત અને જનકલ્યાણકારી યોજનાઓથી સામાન્ય નાગરિકોના જીવનમાં આવેલા સકારાત્મક પરિવર્તનો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.



# તિથલમાં લગાવાયેલા બ્લોક ચોમાસા પહેલાં જ ઉખડી ગયા

**ભરતીનું** પાણી ઉપર આવ્યું અને બ્લોક ઉખડી ગયા



વલસાડઃ વલસાડ તિથલના વિકાસના નામે કરોડો રૂપિયા ફળવાય રહ્યા છે, પરંતુ તિથલનો યોગ્ય વિકાસ થતો જ નથી. અહીં ખૂબ જ હલકી કક્ષાનું કાર્ય થતું હોવાના કારણે તેની હાલત એવીને એવી જ જોવા મળી રહી છે. બીચ પર બનેલી પ્રોટેક્શન વોલના વોક વે પર પેવર બ્લોક અને લાઈટ લગાવવાનું કાર્ય ચાલી રહ્યું છે. જેમાં મુખ્ય જેટી પર ગત વર્ષે લગાવાયેલી ટાઈલ્સ ઉખડી જતાં અહીં પણ પેવર બ્લોક લગાવાયા હતાં. અહીં ભરતીનું પાણી આવે એ સનાતન સત્ય છે અને સૌને તેની જાણ છે. તેમ છતાં અહીંની ટાઈલ્સ અને બ્લોક ખૂબ જ હલકી કક્ષાની સિમેન્ટથી લગાવાતા હોય એવું લાગી રહ્યું છે. અગાઉ તો અહીં સિમેન્ટનું પાણી રેડીને જ ટાઈલ્સ લગાવાઈ હતી. જેના વિડીયો પણ સોશ્યલ મિડિયા પર વાયરલ થયા હતાં. ત્યારબાદ આ વર્ષે ફરીથી અહીં ઉખડેલી ટાઈલ્સને કાઢી ફરીથી પેવર બ્લોક લગાવવાનું કાર્ય શરૂ કરાયું હતું. જેની ગુણવત્તા સામે પણ વખતો વખત સવાલો ઉઠ્યા હતા. તેમજ લોકોએ સોશ્યલ મિડિયા પર તિથલના કામની ભારે આલોચના કરી હતી. તેમ છતાં નફ્ફટ તંત્રે ધ્યાન આપ્યું ન હતું. જેના કારણે અહીં જેટી પર લગાવાયેલા પેવર બ્લોક પ્રથમ ભરતીમાં જ ઉખડી ગયા છે.

#### દિવ્યાંગ માટેનો બીચ સશક્ત માટે પણ જોખમી

વલસાડ તિથલ બીચને દિવ્યાંગ માટેનો બીચ બનાવવાની મોટા પાયે જાહેરાત કરાઇ હતી. આ બીચ પર જવા માટેના પગથિયા એવા છે કે, તેના પરથી શસક્ત માણસ પણ સુરક્ષિત રીતે ઉતરી શકતો નથી. જોકે, હવે જેટી પણ એવી બની ગઇ છે કે, કોઇ પણ વ્યક્તિ ખાસ કરીને સિનિયર સિટીઝન અહીં ચાલતા ચાલતા પડી જાય.

# આસંદુર આત્મહત્યા કેસમાં સુરતના વેપારી સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધાયો

**ભાગીદારીના** ધંધામાં આપેલાં નાણાં પરત ન મળતાં માનસિક ત્રાસનો આક્ષેપ

નવસારીઃ નવસારી તાલુકાના આસંદુર ગામની સીમમાં ગત 10 મેના રોજ બનેલી આત્મહત્યાની ઘટનાએ હવે ગંભીર કાનૂની વળાંક લીધો છે. શરૂઆતમાં આત્મહત્યાનો સામાન્ય બનાવ ગણાતો આ કેસ હવે આર્થિક વ્યવહારો, વિશ્વાસઘાત અને માનસિક ત્રાસના આક્ષેપો વચ્ચે ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. નવસારી રૂરલ પોલીસે એક મહિના સુધી ચાલેલી તપાસ બાદ સુરતના એક વેપારી સામે આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો છે. પોલીસ ચોપડે નોંધાયેલી ફરિયાદ મુજબ, મૃતક ભરતભાઈ લાલજીભાઈ સુદાણીએ ભાગીદારીના ધંધામાં રોકાણના હેતુથી સુરતના અડાજણ વિસ્તારમાં રહેતા વેપારી પરેશભાઈ વાલજીભાઈ નાકરાણી (રહે., 1102, જ્યુપિટર બિલ્ડિંગ, રાજહંસ કેમ્પસ, અડાજણ, સુરત) ને મોટી રકમ આપી હતી. જોકે લાંબા સમય સુધી નાણાં પરત ન મળતા અને વારંવારની ઉઘરાણી છતાં સંતોષકારક જવાબ ન મળતા તેઓ ભારે માનસિક તણાવમાં સપડાયા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

પરિવારજનોએ પોલીસ સમક્ષ એવો આક્ષેપ કર્યો છે કે આર્થિક નુકસાન અને સતત ચાલતી અનિશ્ચિતતાએ ભરતભાઈને અંદરથી તોડી નાંખ્યા હતા. આખરે 10 મેના રોજ આસંદુર ગામની સીમમાં આવેલા એક ખેતરમાં લીમડાના ઝાડ સાથે નાયલોનની દોરી વડે ફાંસો ખાઈ તેમણે જીવન ટૂંકાવી લીધું હતું. ઘટના બાદ નવસારી રૂરલ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન પરિવારજનોના નિવેદનો, નાણાકીય વ્યવહારો અને અન્ય ઉપલબ્ધ પુરાવાઓની ચકાસણી કરતાં આત્મહત્યા પાછળ માનસિક ત્રાસ અને આર્થિક વિવાદની સંભાવનાઓ સામે આવી હતી. જેના આધારે પોલીસે પરેશભાઈ નાકરાણી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ 108(3) હેઠળ ગુનો નોંધ્યો છે.

## વલસાડ તાલુકા પંચાયતની પ્રથમ ખાસ સામાન્ય સભા યોજાઈ

વલસાડઃ વલસાડ તાલુકા પંચાયતની પ્રથમ ખાસ સામાન્ય સભા પ્રમુખ કિશોરભાઈ પટેલની અધ્યક્ષપણા હેઠળ વલસાડને ડીએમડીજી હાઈસ્કૂલના બીજા માળે સભાખંડમાં મળી હતી. બેઠકમાં તાલુકા પંચાયતના વિવિધ અગત્યના એજન્ડાઓ પર ચર્ચા-વિચારણા કરીને મહત્વના નિર્ણયો લેવામાં આવ્યાં હતા. જે બાદ તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તરીકે મહેશભાઈ શંકરભાઈ પટેલના નામનું મેન્ડેડ જાહેર કરાયું હતું તેમજ કારોબારી સમિતિમાં આઠ જેટલા સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે કાંતિલાલ પટેલના નામનું મેન્ડેટ જાહેર કરાયું હતું. તેમજ સામાજિક ન્યાય સમિતિમાં ચાર જેટલા સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ખખવાડા ગામે હિંગળાજ મંદિરે ડમ્પરના દંડવત પ્રણામ


કેસરી બારીયા



ગણદેવી-નવસારી સ્ટેટ હાઇવે પરના ખખવાડા ગામે હિંગળાજ માતા મંદિરના વળાંક પાસે મંગળવારે મોડી સાંજે કપચી મેટલ ભરેલું ૨૦ પૈડાંનું મોટુ ડમ્પર પલટી જતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ કે ગંભીર ઇજા થઈ ન હોવાનું જાણવા મળ્યું છે. મંદિરના કમ્પાઉન્ડની સ્ટીલની રેલિંગ ને ભારે નુકસાન પહોંચ્યું છે. ભારે વાહનોના ચાલકો દ્વારા ઓવરસ્પીડ, થાકેલી સ્થિતિમાં ડ્રાઇવિંગ અથવા નશાની હાલતમાં વાહન હંકારવાના બનાવો અકસ્માતનું મુખ્ય કારણ બનતા હોય છે. બીજી તરફ વાપી ને.હા.નં.48, કોર્ટ નજીકના બસ સ્ટેન્ડવાળા માર્ગ પર આગળ દોડી રહેલ ટેમ્પોચાલકે અચાનક બ્રેક મારી દીધી હતી. જેને કારણે પાછળ દોડી રહેલ કપચી ભરેલું ડમ્પર અથડાઈ ગયું હતું. અકસ્માતને પગલે ટ્રાફિક વ્યવહાર ખોરવાયો હતો. જો કે, મોટી દુર્ઘટના થતા ટળી હતી.

# 14 વર્ષની કિશોરીને ગર્ભવતી બનાવનારને 20 વર્ષની સખત કેદ

**વાપીના** ડુંગરામાં રહેતા આરોપીએ મિત્રતા કેળવી દુષ્કર્મ આચર્યું હતું

વલસાડઃ વાપીના ડુંગરા વિસ્તારમાં 14 વર્ષની કિશોરી સાથે દુષ્કર્મ કરી તેને ગર્ભવતી બનાવનાર વિરુદ્ધ વાપીની સ્પેશ્યલ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. આ કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી જજ ડો. એચ. એન. વકીલે આરોપીને તકસીરવાર ઠેરવી તેને 20 વર્ષની સખત કેદ અને રૂ. 20 હજારના દંડની સજા ફટકારતો હુકમ કર્યો હતો.

આ સાથે ભોગ બનનાર કિશોરીને રૂ.4 લાખનું વળતર ચૂકવવાનો પણ હુકમ કર્યો હતો. વાપીના ડુંગરા વિસ્તારમાં રહેતા રમેશ ગોરખનાથ પ્રજાપતિએ ધોરણ 7 માં અભ્યાસ કરતી એવી 14 વર્ષની કિશોરી સાથે મિત્રતા કેળવી તેની સાથે અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. જેના કારણે કિશોરીને 6 માસની ગર્ભવતી બનાવી દીધી હતી. પોલીસે બનાવ સંદર્ભે ગુનો દાખલ કરી રમેશની ધરપકડ કરી હતી. જેની વિરુદ્ધ વાપીની સ્પેશ્યલ કોર્ટમાં પોક્સો હેઠળ કેસ ચાલ્યો હતો. આ કેસની સુનાવણી બાદ રમેશ પ્રજાપતિને દોષિત ઠેરવી તેને 20 વર્ષની કેદની સજા ફટકારતો હુકમ કર્યો હતો.

# પારડી તા. પં.ની પ્રથમ સામાન્ય સભામાં સમિતિઓની રચના

**કારોબારી** સમિતિના ચેરમેન તરીકે હેમલતાબેન ટંડેલ, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન મહેન્દ્ર પટેલની નિમણૂક

પારડીઃ પારડી તાલુકા પંચાયતની પ્રથમ સામાન્ય સભા પ્રમુખ કિન્નરીબેન પટેલના અધ્યક્ષ સ્થાને તાલુકા વિકાસ અધિકારી સંદીપ ભગોરા અને ઉપપ્રમુખ હિરેન પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ સભામાં કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિના સભ્યોની અને અધ્યક્ષોની વિધિવત નિમણૂક સાથે વિકાસના કામોને લીલી ઝંડી આપવામાં આવી હતી.



આ સભામાં એજન્ડા પરના કામોની શરૂઆત ટીડીઓએ કરાવી હતી. પંચાયત શાખાના અધિકારી વિશાલભાઈએ એજન્ડા પરના કામો વાંચી સંભળાવ્યા હતા. જેમાં નવી કારોબારી સમિતિની રચના કરતા ચેરમેન તરીકે હેમલતાબેન ટંડેલની નિમણૂંક કરવામાં આવી હતી. જ્યારે સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે મહેન્દ્ર પટેલની નિમણૂક કરાઈ હતી.

આ અગાઉ પારડી તાલુકા ભાજપ પ્રમુખ પુનિત પટેલ, જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન પ્રજ્ઞેશ પટેલ, જિલ્લા પંચાયત સભ્ય નરેશ પટેલ, તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો, કાર્યકર્તાઓ, તાલુકા પંચાયતના તમામ સભ્યોની ઉપસ્થિતિમાં સંકલન મીટીંગ મળી હતી. જે સંકલન મીટીંગમાં પ્રમુખ પુનિત પટેલે જણાવ્યું કે, કનુભાઈ દેસાઈની રાહબારી હેઠળ સંગઠનના માર્ગદર્શન હેઠળ વિકાસના કામો શરૂ કરી દેવા સૂચના આપી હતી. ત્યારે આજથી સત્તા સોંપણી બાદ સભ્યો પોતાના વિસ્તારના કામોને વેગ આપશે તેવી આશા વ્યક્ત કરી હતી.

# સંજાણથી ભીલાડ રોડ પર બે બાઈક ભટકાતા બંને ચાલકનાં મોત

**તુંબ** પાસે ટેમ્પોને ઓવરટેક કરવા જતાં અકસ્માત સર્જાયો હતો, ત્રણને ઈજા

ઉમરગામઃ સંજાણથી ભીલાડ જતાં રોડ ઉપર તુંબ પાસે બે બાઈક સામસામે અથડાતા બંને ચાલકના મોત નીપજ્યા હતા.

રવિવારે નિતેશ ઉર્ફે બાબુ રમેશ ભીમરા (રહે., માલખેત, પાગી ફળિયા) અને મિત્ર સચિન પ્રિતેશ ઉમરસાડા (રહે., મલાવ) ત્રણે જણા મહારાષ્ટ્રના ટંકાર વાળ ખાતે ફરવા ગયા હતા. તે વખતે નિતેશ મોટરસાઈકલ (નં. જીજે 15 ઈકે 9230) ચલાવતો હતો અને સંજાણ ભીલાડ રોડ ઉપર તુંબ ગામે હાટ બજારની આગળ ટેમ્પોને ઓવરટેક કરવા જતાં સામેથી આવતી પેશન પ્રો મોટરસાઈકલ (નં. જીજે 15 ડીએ 8338) સાથે બાઈક ધડાકાભેર અથડાવી દેતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં નિતેશનું તથા પેશન પ્રોના ચાલક રિતેશ ગણપત (રહે., માંડા)નું ગંભીર ઈજાના કારણે મોત થયું હતું આ અકસ્માતની ઘટનામાં મૃતક રીતેશના પુત્ર રીશીને પણ ઈજાઓ પહોંચી હતી તથા ફરિયાદી અક્ષયને તથા સચિનને પણ ઈજા પહોંચતા વલસાડ સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ઉમરગામ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## નાનાપોંઢા તાલુકો વિકાસનું નવું હબ બનશે: ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી

વલસાડઃ નવનિર્મિત નાનાપોંઢા તાલુકા પંચાયતની પ્રથમ સામાન્ય સભા પ્રમુખ મનીષાબેન પટેલ અને તાલુકા વિકાસ અધિકારી પ્રીતેશભાઈ બારિયાની ઉપસ્થિતિ વચ્ચે સંચાલિત દૂધ ડેરીના એ.સી હોલમાં યોજાઈ હતી. સભામાં કારોબારી ચેરમેન તરીકે મીનાબેન સુભાષભાઈ ભોયા અને સામાજિક ન્યાય સમિતિ ચેરમેન તરીકે કલ્પનાબેન ચંપકભાઈ ભીસરાની નિયુક્તિ કરાઈ હતી. ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, તાલુકાને સરકારે વિકાસશીલ તાલુકામાં આવરી લીધો હોય વિશેષ ગ્રાન્ટ ઉપલબ્ધ થશે, સાથે કોલેજની શરૂઆત બાદ આવનારા સમયમાં વિકાસના અનેક આયામો ઉપલબ્ધ થશે.

# નવસારી LCBના 4 કર્મીને 'ઈ-ગુજકોપ એવોર્ડ'

**આધુનિક** ટેક્નોલોજીના ઉપયોગથી 14 ગુનાનો ભેદ ઉકેલાયો

નવસારીઃ આધુનિક ટેક્નોલોજી અને ડિજિટલ ઈન્ટેલિજન્સનો અસરકારક ઉપયોગ કરીને ગંભીર ગુનાઓનો ભેદ ઉકેલવામાં નોંધપાત્ર સફળતા મેળવનાર નવસારી જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમને રાજ્ય કક્ષાએ ગૌરવપૂર્ણ સન્માન પ્રાપ્ત થયું છે. રાજ્યના પોલીસ વડા (DGP) જે.એસ. મલિક દ્વારા નવસારી LCBના ચાર પોલીસકર્મીઓને પ્રતિષ્ઠિત 'ઈ-ગુજકોપ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે. નવસારી LCBની ટીમે ડિજિટલ હ્યુમન ઈન્ટેલિજન્સ અને અદ્યતન ટેક્નોલોજીના સંકલન દ્વારા ખૂન, ચેઈન સ્નેચિંગ અને ઘરફોડ ચોરી જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા કુલ 10 આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. સાથે જ પોલીસે રૂ. 8.84 લાખથી વધુનો મુદ્દામાલ પણ રિકવર કરવામાં સફળતા મેળવી હતી. નવસારી LCBની ટીમે ગુજરાત અને મધ્યપ્રદેશ સહિતના વિવિધ વિસ્તારોમાં નોંધાયેલા કુલ 14 વણશોધાયેલા ગુનાઓનો ભેદ ઉકેલી તપાસ ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી હતી. ઉપરાંત અન્ય 11 ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓ સુધી પણ પોલીસ પહોંચી શકી હતી. આ ઉત્કૃષ્ટ કામગીરી બદલ પોલીસ ઈન્સ્પેક્ટર વિરાજ જાડેજા, એએસઆઈ લલિતભાઈ અશોકભાઈ, એએસઆઈ સુનિલસિંહ અને આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ સંદીપભાઈ પીઠાભાઈને રાજ્ય કક્ષાએ સન્માનિત કરવામાં આવ્યા છે.



## પૂરની સ્થિતિમાં રેસ્ક્યુ કામગીરીને લઈ મોકડ્રિલ યોજાઈ

ધરમપુરઃ ધરમપુર ડિવિઝનના મદદનીશ પોલીસ અધિક્ષક ડૉ. સંદીપ ટી. ના માર્ગદર્શનમાં ધરમપુરના પીઆઈ એન. ઝેડ. ભોયા, નાનાપોંઢાના પીઆઈ એમ. એન. કાતર્યા અને કપરાડાના પીઆઈ ડી. એન. વાંઝા તથા પોલીસ સ્ટાફ ધરમપુર પાલિકા ફાયર વિભાગને સાથે રાખી ચોમાસામાં પૂરની સ્થિતિમાં નદીમાં અકસ્માતે ડૂબી જનારાને રેસ્ક્યુ માટે આસુરાની માન નદી ઉપર ફ્લડ રેસ્ક્યુ મોકડ્રિલ યોજી હતી. બચાવ કામગીરીનુ જીવંત પ્રદર્શન ધરમપુર, નાનાપોંઢા તથા કપરાડા પોલીસ સ્ટેશને મોકડ્રિલ સાથે કર્યુ હતું. આ મોકડ્રિલમાં ડૂબતા વ્યક્તિ, આત્મહત્યા માટે નદીમાં કૂદકો મારનારાનુ રેસ્ક્યુ કરવાની સાથે હવા ભરેલી પ્લાસ્ટિકની બોટલોનો બનાવેલા તરાપાના ઉપયોગનુ પણ નિદર્શન કરાયું હતું.

# વલસાડમાં જમીન વિવાદમાં યુવકને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી

**હુમલો** કરનાર ચાર શખ્સ સામે વલસાડ પોલીસે ગુનો નોંધ્યો

વલસાડ: વલસાડ તાલુકાના ફલધરા ગામે જમીનની વહેંચણી અને રસ્તાના વિવાદ અંગે રાખવામાં આવેલી એક બેઠક દરમિયાન મામલો બિચક્યો હતો. ફલધરા પાંખરિયાવડ ફળિયામાં આવેલા એક ખેતરમાં ચાલી રહેલી ચર્ચા દરમિયાન ઉશ્કેરાયેલા ચાર શખ્સે એક યુવક પર હુમલો કરી, તેને ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ વલસાડ રૂરલ પોલીસ મથકે નોંધાઈ છે.

પારડી તાલુકાના નેવરી ગામે તાડ ફળિયામાં રહેતા અને વલસાડ ખાતે એસ.ટી. નિગમની ઓફિસમાં ફરજ બજાવતા જીતુભાઈ લાલજીભાઈ પટેલે (ઉં.વ.૫૩) વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.૧૫ જૂનના રોજ બપોરે આશરે દોઢ વાગ્યે તેમના જમાઈ સુનીલભાઈ બહાદુરભાઈ પટેલે ફોન કરીને જણાવ્યું હતું કે, ફલધરા ખાતે માતાના નામે આવેલી જમીનની વહેંચણી અને રસ્તા બાબતે એક મીટિંગ રાખવામાં આવી છે. આ બેઠક દરમિયાન રસ્તાની બાબતે બોલાચાલી થતાં મામલો ગરમાયો હતો. જેમાં સામાવાળા ગમનભાઈએ ગાળાગાળી કરી ધક્કો માર્યો હતો, ત્યારબાદ વાત વધુ વણસતા ત્યાં હાજર ગમનભાઈ રવિયાભાઈ પટેલ, વર્ષાબેન જયંતીભાઈ પટેલ, હિતેશભાઈ જયંતિભાઈ પટેલ અને જયંતિભાઈ સુરજીભાઈ પટેલ (તમામ રહે. વાઘદરડા દેવી ફળિયા, ગામ વેલવાચ, તા. જી. વલસાડ)એ સુનીલભાઈ પર હુમલો કર્યો હતો. હુમલાના કારણે સુનીલભાઈને માથામાં, જમણા હાથમાં તેમજ કમરના ભાગે ઈજાઓ પહોંચી હતી. હુમલો કર્યા બાદ આરોપીઓએ ધમકી આપી હતી કે, 'હવે પછી તું આ જમીનમાં વધારે પડતું કરીશ તો જાનથી મારી નાખીશું.' ઘટના બાદ ઈજાગ્રસ્ત સુનીલભાઈને તાત્કાલિક સારવાર અર્થે ધરમપુર સ્ટેટ હોસ્પિટલના જનરલ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતાં. આ બનાવ અંગે જીતુભાઈ પટેલે વલસાડ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.